## તા.૦૨.૦૪.૨૦૨૬

## જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/1 અન્વયે લોકરક્ષક કેડરની શારીરિક કસોટીનું પરીણામ જાહેર કરવા બાબત

તા.૨૧.૦૧.૨૦૨૬ થી ગુજરાત રાજયના ૧૫ (પંદર) કેન્દ્રો ઉપર લોકરક્ષક કેડરની શારીરિક કસોટીનું આયોજન કરવામાં આવેલ. લોકરક્ષક કેડરની શારીરિક કસોટી પૂર્ણ થયેલ હોઇ શારીરિક કસોટીનું પરીણામ જાહેર કરવામાં આવે છે.

- શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલ **પુરૂષ ઉમેદવારોની** વિગત જોવા માટે **અહીં કલીક કરો......**
- શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલ **મહિલા ઉમેદવારોની** વિગત જોવા માટે **અહીં કલીક કરો......**
- શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલ **માજી સૈનિક ઉમેદવારોની** વિગત જોવા માટે **અહીં કલીક કરો......**

૨/ શારીરિક કસોટી અંગે દોડ કસોટી અને શારીરિક માપ કસોટીની તા.૨૩.૦૩.૨૦૨૬ સુધીમાં મળેલ તમામ અરજીઓ પૈકી દોડ કસોટીની અરજીઓમાં RFID Lap Data અને CCTV કેમેરાના રેકોડીંગ સાથે ચકાસણી કરવામાં આવેલ છે અને શારીરિક માપ કસોટીમાં ઉંચાઇના ડેટા તથા ફોટોગ્રાફ સાથે ચકાસણી કરવામાં આવેલ છે. ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ લોકરક્ષક કેડરની શારીરિક કસોટીનું પરીણામ જાહેર કરવામાં આવેલ છે.

૩/ ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, ક્લેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે કે પસંદ કરવામાં આવેલ હશે તો, કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે. જે તમામને બંધનકર્તા રહેશે.

૪/ સરકારશ્રી /નામદાર સુપ્રીમ કોર્ટ/નામદાર હાઇકોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૫/ લોકરક્ષક કેડરની શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૧૪.૦૬.૨૦૨૬ (રવિવાર) નારોજ યોજાવામાં આવનાર છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

૬/ જો કોઇ ઉમેદવારને શારીરિક કસોટીના પરીણામની વિગતો અંગે કોઇ વાંધો કે રજુઆત હોય તો અરજી સાથે કોલલેટરની નકલ સામેલ રાખી જરૂરી પુરાવા સાથે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉદ્યાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર - ૩૮૨૦૦૭ ખાતે રૂબરૂમાં અથવા રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ અથવા કુરીયરથી **તા.૦૮.૦૪.૨૦૨૬ના સાંજના કલાકઃ ૧૭:30 વાગ્યા સુધીમાં** મળે તે રીતે મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ મળેલ કોઇપણ અરજીઓ અથવા આ સિવાયના અન્ય માધ્યમથી મોકલેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.